

# હોળીનું નાળિયેર

**નાળિયેરનો ઢંગ નિરાળો, ના મળ્યું કોપરું એમાંજી;**
**રંગ હોળીનો પાકો ચડિયો, હાર્યા મિયાં ફુસકી એમાંજી.**


હોળીના દિવસે ગામમાં અવનવી ગમ્મત ચાલ્યા કરતી. કોઈ દોડવાની શરત કરે. કોઈ નાળિયેર ઉછાળે. કેટલા ઘાએ ફોડી નાખે એવો વાદ કરે. કોઈ વળી કેટલા શેર પેંડા ખાઈ જાય એવી હોડ બકે. હોળીનો દિવસ એટલે આનંદ ને ગમ્મત. ગામના ચોરે બધા બેઠા છે. તભા ભટ પણ છે. વાતો ચાલે છે. ત્યાં મિયાં ફુસકી નીકળ્યા.

ભટજી બોલ્યા : "એ મિયાં, આવો... આવો. બે ઘડી ડાયરામાં બેસો. આપણે બન્ને સાથે જ જઈશું."

મિયાં આવ્યા.

ખીમજી પટેલ બોલ્યા : "મિયાં કંઈ ઓછા ચતુર નથી. લો, પેલું નાળિયેર આપો. એ કહી આપશે."

અરજણ માળી બોલ્યા : "હા હા, લો ફુસકીચાચા, આ નાળિયેરમાંથી કેટલું



કોપરું નીકળશે?"

મિયાંએ નાળિયેર જોયું. ધારી ધારીને જોયું. મોં ઠાવકું કરીને બોલવા ગયા. તભા ભટ સમજ્યા કે મિયાં હમણાં ઊંધું મારશે. જાણતા નથી કે નાળિયેર કેવું છે. મિયાંને ચેતવવા તભા ભટ બોલી ઊઠ્યા : "મિયાં, એમાં આપણને સમજ ના પડે."

મિયાં બોલ્યા : "કેમ ના પડે?"

ભટજી કહે : "નાળિયેરમાં કેટલું કોપરું હોય એ કેમ સમજાય! કહી દો કે નથી સમજાતું."

તભા ભટે તો મિયાંના લાભની વાત કહી, પણ મિયાં સમજ્યા નહીં. તેમને તો પોતાની બડાઈ જરાય ઓછી થાય એ ગમે નહીં.

મિયાં બોલ્યા : "ન કેમ સમજાય? અમે સિપાઈબચ્ચા, બધું સમજીએ."

ખીમજી પટેલ કહે : "હા ભાઈ હા. મિયાં ઠાકોરના ચાકર છે. જેવાતેવા નથી. તભા ભટ નકામા તેમને હલકા પાડે છે."

બધા મિયાં ફુસકીને ચડાવવા લાગ્યા એમ મિયાં પણ ચડવા માંડ્યા. સૌને ગમ્મત પડી કે આજ મિયાંને ખરેખરા બનાવવા.


અરજણ માળી બોલ્યો : "કહો મિયાંજી, આ નાળિયેરમાં કેટલું કોપરું હશે?"

મિયાં બોલ્યા : "લાવો નાળિયેર."

અરજણે નાળિયેર મિયાંના હાથમાં આપ્યું. મિયાંએ નાળિયેર હાથમાં લીધું.

મિયાં કહે : "ત્યારે કહી દઉં?"

બધા કહે : "હા... હા... કહો."



ધનો કોળી બોલ્યો : “પહેલાં કંઈક વદાડ-શરત કરી લો. પછી કહેવાનું.”

કુરજી ઠક્કર બોલ્યા : “હા, ભઈ, કહો મિયાં! તમારા કહેવા પ્રમાણે કોપરું નહીં નીકળે તો?”

મિયાં કહે : “તો મૂછ મૂંડાવી નાખું.”

બધા હસી પડ્યા. મિયાંના મોઢે મૂછ જ નહોતી. એકલી દાઢી જ ઊગે. મૂછનું નામ નહીં. બધા હસ્યા એટલે મિયાં ઝંખવાઈ ગયા.

ઠક્કર બોલ્યા : “એમ કરો મિયાં કે તમારા કહેવા પ્રમાણે કોપરું ના નીકળે તો તમારે ગામના ચોરાથી તે ગામના દરવાજા સુધી ઝાડુ વાળવું.”

મિયાં કહે : “અને મારું સાચું પડે તો?”

માળી બોલ્યો : “તો ઠક્કર ઝાડુ વાળે.”


ઠક્કર કહે : “હા, મારે મંજૂર છે.”

ભટજી કહે : “જવા દો ને ભઈ, મિયાં શું જાણે?”

ભટજીને મિયાંની દયા આવે. પોતાના જિગરજાન ભાઈબંધ છે. તેમની હસી થાય એ ઠીક નહીં. પણ મિયાં શાના સમજે? તે તો પોતાની ઐંઠમાં ને અકડાઈમાં આવી ગયા છે.

મિયાં બોલ્યા : “જાણીએ, જાણીએ. ના કેમ જાણીએ?”

બધાને ગમ્મત થઈ કે આજે મિયાં પાસે ઝાડુ વળાવીશું. ભારે હસવાનું થશે. ખરેખરો તાલ જામશે.



ઠક્કર કહે : "તો કહો, કેટલું કોપરું નીકળશે?"

મિયાં કહે : "લાવો નાળિયેર મારા હાથમાં."

ઠક્કર કહે : "લો."

નાળિયેર મિયાંએ હાથમાં લીધું. બધાને મન એમ કે મિયાં છે ભોળા, કશી સમજ પડશે નહીં. ભટજી ઘણા અણસારો કરે, આંખ મીંચે પણ મિયાં કશું સમજે જ નહીં. ભટજી ચિડાયા. નાળિયેર હાથમાં લઈને મિયાંએ આમતેમ ફેરવી જોયું. બરાબર તોળી જોયું.

મિયાં કહે : "કહી દઉં?"

ઠક્કર કહે : "કહી દો."

મિયાં બોલ્યા : "આમાં કોપરું જરાય નથી."

હેં...! બધા થંભી ગયા. નવાઈનો પાર ન રહ્યો.

તભા ભટ બોલી ઊઠ્યા : "વાહ મિયાં વાહ! ધન્ય છે ભાઈબંધ!"

મિયાં કહે : "અને એ... આ જુઓ!"

આમ કહી મિયાંએ નાળિયેર ભોંય પર પટક્યું. નાળિયેરના બે ભાગ થઈ ગયા. એમાંથી એક કરચ જેટલું પણ કોપરું નીકળ્યું નહીં.

બધા બનાવવા ગયા મિયાંને પણ પોતે જ બની ગયા. પહેલેથી જ નાળિયેર આખું ને આખું તોડેલું. બરાબર સરખી રીતે તોડેલું. એમાંથી કોપરું કાઢી લીધું. પછી બન્ને ભાગ બરાબર બંધબેસતા કરી દીધા. એમ જ લાગે કે નાળિયેર આખું છે. એમાં કશુંક બીજું મૂકવું જોઈએ. પથ્થર કે માટી ભરી દેવાં જોઈએ જેથી નાળિયેરનું વજન બરાબર દેખાય, પણ આ લોકો એમાં કંઈ મૂકતાં ભૂલી ગયા હતા. મિયાંના હાથમાં નાળિયેર આવ્યું કે તદ્દન ફોફલું લાગ્યું. મિયાં સમજી ગયા.



બધા બોલ્યા : "ચાલો ઠક્કર, તમારે ઝાડુ કાઢવું પડશે."

મિયાં કહે : "હા, એમાં નહીં ચાલે. વદાડ કર્યો છે તો કાઢો ઝાડુ."

ભારે થઈ. હવે બધાએ ઠક્કરને પકડ્યા. મિયાંને બદલે ઠક્કર હાથમાં આવ્યા. લોકોને તો ગમ્મત જોઈએ. ઠક્કરે ઝાડુ લેવું પડ્યું. આખી બજાર વાળવી પડી. બધા હસે છે ને ઠક્કર ઝાડુ વાળે છે. ઠક્કરની ખરી ગમ્મત થઈ. મિયાંના આનંદનો તો પાર જ નહીં. બધા લોકો પણ હસી હસીને થાક્યા. મિયાંનાં પણ ઘણાં વખાણ થયાં. એ સાંભળીને મિયાંનો દમામ વધી ગયો. હરખાતા ને ફુલાતા ઘરે ગયા. ઘરે જઈને મિયાં ખાટલે બેઠા. ખડ ખડ ખડ માંડ્યા હસવા. તાળી પર તાળી પાડે ને હસે.

બીબી બોલ્યાં : "આટલા બધા હસો છો શાના?"

મિયાં કહે : "ખરેખરી ગમ્મત થઈ. પેલા ઠક્કરની રેવડી દાણાદાણ કરી નાખી."

બીબી બોલ્યા : "શાની રેવડી?"

મિયાં કહે : "રેવડી તે કંઈ જેવીતેવી! બિચારો મને બનાવવા ગયો, પણ બંદા કંઈ કાચા છે? તભા ભટ તો ના ના કહેતા હતા; પણ અમે સિપાઈબચ્ચા, બધું જાણીએ."

મિયાંએ બીબીને બધી વાત કહી. ત્યાં આવ્યા તભા ભટ.

બીબી બોલ્યાં : "ઠક્કરની શી વાત છે?"

તભા ભટ કહે : "મિયાંએ તો આજ ગમ્મત કરી. મને તો એમ કે આજ મિયાં ખરેખરા મૂરખા બનશે, પણ તેમણે તો ઠક્કરને જ બનાવી દીધા."

મિયાં બોલ્યાં : "તમે ના જાણો. અમે બધું જાણીએ."

બીબી કહે : "જાણો ભલે બધું, પણ હવેથી એવી વાતમાં પડશો નહીં. હોળીના દિવસો છે. ઠઠ્ઠો-હાંસી



થયાં કરે. આપણે ચૂપ જ રહેવું. ક્યાંક બની જઈએ."

મિયાં કહે : "અમે સિપાઈબચ્ચા, ઠઠ્ઠોય જાણીએ ને હાંસી પણ જાણીએ. અમે ઠગાઈએ જ નહીં."

મિયાં ફુલાઈને ફાળકો થઈ ગયા. બે-ચાર દિવસ વીતી ગયા. મિયાંએ એક કામ ખોટું કર્યું. કુરજી ઠક્કરને દેખે કે મિયાં ખોંખારો ખાય. મિયાંને મૂછ તો ન મળે. તોય ખોટી ખોટી મૂછો મરડે અને બોલે : "કાં ઠક્કર! નાળિયેરનું કોપરું કેવું?" આવું સાંભળે ને ઠક્કર મનોમન ચિડાય. બે-ચાર વાર મિયાંએ આમ કર્યું.

ઠક્કર કહે : "મિયાં, તમે એક વાર જરાક ફાવી ગયા છો, તો ભલે! ખોંખારો ખાઓ ને અકડીને ચાલો. પણ જો જો હોં, ક્યારેક અમારોય વારો આવશે."

મિયાં અકળતા બોલ્યા : "અમે સિપાઈબચ્ચા, હા! એમ કંઈ ડરીએ નહીં."

ઠક્કર કહે : "ઠીક છે, જોઈ લઈશું."

મિયાં કહે : "તમતમારે ઝાડુ કાઢ્યા કરો."

ઠક્કર વિચારે છે કે આ મિયાંને કંઈક ચમત્કાર બતાવવો જોઈએ. નહીં તો બારે મહિના મિયાં ચીડવ્યા કરશે.

હોળીનો દિવસ આવી પહોંચ્યો. ઘેરૈયાની ટોળી ધમાલ મચાવવા માંડી. રાસ ને ભવાઈ, કસરતની હરીફાઈ અને દુહાની રમઝટ તો ઓર જ.

સવારનો પહોર છે. મિયાં ઠાકોરના ઘરે જવા નીકળ્યા. ચોરા પાસે પહોંચ્યા તો દસ-વીસ માણસોની ટોળી જામી છે. એમાં ઠક્કર પણ ખરા. નજીક જઈને મિયાં કહે : "શું છે?"

ઠક્કર બોલ્યા : "એ તમારું કામ નથી."

મિયાં કહે : "કાં? ડરો છો અમારાથી? હવે તમારે ઝાડુ નહીં લગાવવું પડે."

ઠક્કર કહે : "તમારાથી આ કામ બને એવું નથી."

મિયાં આવી ગયા તાનમાં. કોઈ પોતાનું હીણું બોલે એ



મિયાંથી સહન થાય નહીં. મિયાં બોલ્યા : “અમારાથી કેમ ના થાય?”

ઠક્કર કહે : “ભઈ, કહો આ મિયાંને.”

અરજણ માળી ગામમાં ખરેખરો હાંસીખોર ગણાતો. તે ઠઠ્ઠો કરવામાં પહેલો.

અરજણ માળી બોલ્યો : “જુઓ મિયાં, આ તો મારે અને ઠક્કરને હોડ ચાલે છે. ઠક્કર કહે છે કે આ માટલું માથા પર ઉઠાવીને ગામના ઝાંપા બહાર જાઉં અને પાછો આવું. હું કહું છું કે તેનાથી નહીં ઉપાડી શકાય. બોલો, તમે શું કહો છો?”

“હેં...! આ માટલું?” મિયાં બોલ્યા.

“હા, એ માટલું.” ઠક્કર બોલ્યા.

માટલું ત્યાં પડેલું જોયું. મિયાંએ ધારી ધારીને માટલું જોયું.

મિયાં બોલ્યા : “શું છે એમાં?”

ખીમજી પટેલ કહે : “એમાં ગોળ છે.”

મિયાં કહે : “એમાં શી મોટી વાત છે? બહુ બહુ તો દોઢ મણ ગોળ હશે.”

ઠક્કર બોલ્યા : “દોઢ મણ હોય કે મણ હોય. વાત છે માટલું ઉપાડવાની. એ તમારું કામ નહીં.”

મિયાં કહે : “કેમ નહીં? માટલામાં શું મોટું વજન હોય?”



ઠક્કર કહે : “વજન હોય કે ન હોય પણ માથે ઉપાડીને ગામના ઝાંપે જવાનું અને ત્યાંથી પાછા આવવાનું. એ કામ તમારાથી ન બને.”

મિયાં વાદે ચડી ગયા. તેમને વાતનો ખરો અર્થ સમજાયો નહીં.

મિયાં કહે : “ન ઊપડે એમ?”

ઠક્કર કહે : “ના.”

મિયાં કહે : “હા.”

ઠક્કર કહે : “તો ઉપાડો લો.”

મિયાં કહે : “જરા જોઈ લઉં.”

અરજણ કહે : “હા... હા. જોઈ લો.”

મિયાંએ માટલાને હાથ ફેરવ્યો. ડાબા હાથે પકડીને જરા ઊંચું કર્યું. ભાર તો બહુ ન લાગ્યો. મિયાં વિચારે છે કે ઠક્કર વેપારીની જાત. બોજો ઊંચકવાનું તેમનું કામ નહીં. એટલે આ માટલાનું વજન તેમને વધારે લાગે છે. આવું માટલું ઊંચકીને ગામના ઝાંપે જવું એમાં શી વાર?

મિયાં કહે : "બોલો, હું આ માટલું ઉઠાવીને ઝાંપે જઈ આવું."

ઠક્કર કહે : "તો ઉપાડો."

મિયાં કહે : "એમ નહીં."

ઠક્કર કહે : "તો કેમ?"

મિયાં કહે : "તો તમે શું હારશો?"

અશોક પટેલ બોલ્યા : "તો ઠક્કર તમને પાંચ શેર ખજૂર આપે. તમે ન ઉપાડી શકો તો તમારે આપવી."

મિયાં કહે : "ભલે."

ઠક્કર કહે : "રહેવા દો ને મિયાં!"

મિયાં કહે : "કાં?"

ઠક્કર કહે : "નકામા હારી જશો."


મિયાં કહે : "તો અમે પાંચ શેર ખજૂર તમને આપીશું."

પટેલ બોલ્યા : "ઠક્કર ગભરાતા લાગે છે. મિયાં કંઈ કાચા નથી. હમણાં માટલું ઉપાડી લેશે અને ઝાંપે પહોંચી જશે."

ઠક્કર કહે : "એ બધી વાત ખોટી. હું નથી માનતો."

મિયાં કહે : "એમ?"

આમ કહી મિયાંએ માટલું ઉઠાવ્યું. જરાય ભારે ન લાગ્યું. ઉઠાવીને માથે મૂક્યું.



પટેલ બોલ્યા : "ભઈ, જરા માથે ઈંઢોણી મૂકો. મિયાંને માથે છે મૂંડો. મૂંડા પર માટલું બરાબર રહે નહીં."

મિયાંને માથે ઈંઢોણી મૂકી. એના પર માટલું ગોઠવ્યું.

અરજણ બોલ્યો : "જુઓ ઠક્કર, મિયાંએ માટલું ઉપાડી તો લીધું. હવે તમે હારી જવાના."

ઠક્કર કહે : "હજી ઝાંપે તો જાય, તો વાત ખરી."

મિયાં બોલ્યા : "હમણાં ઝાંપે. તમતમારે ખજૂર તૈયાર કરો ને!"

ઠક્કર કહે : "તૈયાર જ છે."

મિયાં ચાલ્યા. બધા મોંએ હાથ દઈને હસે છે. થોડે દૂર ગયા. જે જુએ તે હસે. મિયાંએ આ શો તાલ કીધો! માથે માટલું લઈને ક્યાં ચાલ્યા? ત્યાં સામે મળ્યા તભા ભટ. તે તો એક હાથ મિયાં સામે અને એક હાથ મોં આડે એમ ઊભા જ થઈ રહ્યા. ન બોલાય કે હસાય. બોલાયું તો નહીં પણ હસી જવાયું.

જેમ તેમ હસવું રોકીને ભટજી બોલ્યા : "અરે મિયાં, આ શું? તમેય મારા ભઈ, આવી ફજેતી કરો છો?"

મિયાં બોલ્યા : "ફજેતી શાની? જોજો તો ખરા, તમનેય ખજૂર ખવડાવીશું."

ભટજી બોલ્યા : "શાની ખજૂર? માટલાની મજૂરીની?"



મિયાં ચિડાયા અને બોલ્યા : "અમે કંઈ મજૂર છીએ કે કોઈનો બોજો ઉઠાવીએ?"

ભટજી બોલ્યા : "ત્યારે આ શાનું માટલું છે ને ક્યાં લઈ જાઓ છો? ખજૂર શાની?"

મિયાં કહે : "એ તમે ના જાણો. હમણાં ચોરે જઈને ઊભા રહો. હું ઝાંપે જઈને પાછો આવું છું."

આમ કહી મિયાં ચાલતા થયા. ભટજીને નવાઈનો પાર ન રહ્યો. મિયાંએ આ શો તાલ કીધો? ચોરા ભણી જોયું તો ટોળી જામેલી. બધા હસે છે. એમાં ઠક્કર પણ છે. ભટજી

સમજી ગયા કે બધાએ મિયાંને બનાવ્યા લાગે છે. મિયાં છે ભોળા. તોરમાં આવી ગયા હશે. તભા ભટ ચોરે ગયા. શો તાલ થયો છે એ જાણવું હતું. ત્યાં જઈને જોયું તો ઠક્કર દેખાયા નહીં.


અરજણ બોલ્યો : "ભટજી, જુઓ તમારા ભાઈબંધ! કેવા શોભે છે! લટક ને મટક ચાલે ચાલે છે ને?"

ભટજી બોલ્યા : "બિચારા ભોળા મિયાંની શી વલે કરવા બેઠા છો?"

અરજણ કહે : "જુઓ તો ખરા! હમણાં મિયાંનો રંગ બદલાઈ જશે."

મિયાં થોડે દૂર પહોંચ્યા. તે તો મનમાં મલકાતા જાય છે. હેં...! માટલાનો ભાર જ નથી લાગતો. હમણાં ઝાંપે જાઉં ને પાછો આવું. પાંચ શેર ખજૂર પડાવી લઉં. ભારે મજા થઈ. આવો વિચાર કરે છે ને મિયાં ચાલ્યા જાય છે.

હવે ઠક્કર બીજી શેરીમાં થઈને આગળ પહોંચી ગયા. નાકા પર ઊભા રહીને મિયાંની વાટ જોવા લાગ્યા. માટલું માથે ને મિયાં આવી પહોંચ્યા. ઠક્કરે એક પથ્થર લીધો. લઈને માટલાનો લાગ તાક્યો. લાગ તાકીને પથ્થર માર્યો. બરાબર માટલાને વાગ્યો. વાગતાં જ માટલું ફૂટ્યું. માટલું ફૂટતાં એમાંથી દડ દડ રંગ વહી નીકળ્યો. માટલામાં રંગ ભર્યો હતો. લાલચોળ રંગ વડે મિયાં નહાઈ રહ્યા. માટલાનો ફૂટલો ભાગ મિયાંના માથા પર રહી ગયેલો. મિયાંએ એકદમ એ ફેંકી દીધો.



લોકોએ તાળીઓ પાડી. "વાહ વાહ! વાહ મિયાં વાહ!" એવી બૂમો પણ પાડી. મિયાં રંગાઈને લાલચોળ બની ગયા અને ગુસ્સો પણ એવો ચડ્યો કે મોં પણ લાલ બની ગયું. મિયાં બડબડતા ને ઠક્કરને આવો ને તેવો કહેતા પાછા વળ્યા.

ઠક્કર બોલ્યા : "કાં મિયાં?"

મિયાં તાડૂકતા બોલ્યા : "શું કાં ઠક્કર! આવી ઠેકડી હોતી હશે?"


ઠક્કર કહે : "હું તો પૂછું છું કે માટલાનો રંગ કેવો ખાટો કે મીઠો?"

મિયાં એવા ચિડાયા કે વાત જ ન પૂછો. લોકોને વધારે મજા પડી. બધા હસવા લાગ્યા. એમાં તો મિયાં વધારે ચિડાયા.

મિયાંને તભા ભટે કહ્યું : "તમને માટલું ઉપાડવાનું કહ્યું કોણે? નકામા ઉપાધિ કરી બેઠા. હવે ઘેર જાઓ."

આમ બોલતાં બોલતાં ભટજીથી હસી જવાયું. એ જોઈ મિયાંએ મોં ચડાવ્યું. ગુસ્સામાં ને ગુસ્સામાં ઘરે જવા લાગ્યા.

અરજણ માળી બોલ્યો : "ફુસકીચાચા, ખજૂર તો લેતા જાઓ."



બધા હસી પડ્યા. મિયાં ગુસ્સાથી બળીને અંગાર બની ગયા. ધૂંવાંપૂંવાં થતા ઘરે ગયા. મિયાંની દશા જોઈને બીબી તો દંગ જ થઈ ગયાં.

બીબી બોલ્યાં : "આ શું? આવો રંગ કોણે છાંટ્યો? આખા રંગથી નહાઈ ગયા!"

મિયાં ગુસ્સેથી બોલ્યા : "રંગ કોણ છાંટનાર મૂઓ છે? અમે સિપાઈબચ્ચા! હા! છાંટે તો ખરો કોઈ રંગ."

બીબી બોલ્યા : "ત્યારે આ શું થયું?"


મિયાં બોલ્યાં : "થયું એ થયું, એ તું ન સમજે. બીજાં કપડાં લાવ."

બીબીએ કપડાં આપ્યાં. મિયાં કપડાં બદલવા લાગ્યા. ત્યાં આવ્યા તભા ભટ.

બીબીએ ભટજીને કહ્યું : "આવો રંગ કોણે છાંટ્યો?"

ભટજીએ બધી વાત કહી. પછી તો બીબી અને ભટજી ઘણું ઘણું હસ્યાં.

વાત થઈ પૂરી.



# હાર હીરાનો

એક હતા માનાજી પવાર. વડોદરામાં તેમનું ઘર હતું. ઘર જૂનું-પુરાણું હતું, પણ રાજાશાહી હવેલી જેવું હતું. તેમના બાપદાદા બડા શૂરવીર હતા. ગાયકવાડની સેનામાં મોટા સરદાર હતા. તેમણે બડી વીરતા બતાવેલી. તેથી ગાયકવાડ સરકારે તેમને એક હવેલી બંધાવી આપી હતી.

દાદાના સમયની હવેલી હવે જૂની થઈ ગઈ હતી. માનાજી પવાર બાપદાદાનો ધંધો કરતા નહોતા. તેમને હીરા-મોતીનાં ઘરેણાંનો ઘણો શોખ હતો. નવાં નવાં હીરા-મોતી ખરીદે અને વેચી નાખે.

આ માનાજી પવારને અને રાજપુરના ઠાકોરને ભાઈબંધી હતી. તેમને મળવા ઠાકોર ઘણી વાર વડોદરા જતા અને બે-પાંચ દિવસ રહેતા. એક દિવસે માનાજી પવારનો કાગળ આવ્યો કે અમે પરદેશની મુસાફરી કરવા જવાના છીએ. ઠાકોર વડોદરા ગયા. સાથે મિયાં ફુસકી તો હોય જ. છેલ્લા દિવસ સુધી ત્યાં રહ્યા. વિદાય આપીને પાછા આવ્યા.



માનાજી પવાર પરદેશ પહોંચી ગયા. ત્યાંથી ઠાકોરને કાગળ પણ લખતા હતા. પોતે ક્યાં ગયા અને શું શું જોયું એ બધું લખતા. છેલ્લો કાગળ આવ્યો કે તેઓ ફ્રાન્સ દેશમાં પહોંચ્યા છે. ફ્રાન્સનું પૅરિસ નગર જોવા રોકાયા છે.

આ નગર ઘણું સુંદર છે. દિવસે નથી શોભતું એટલું રાતે શોભે છે. આ નગર જોવા વધારે દિવસો રોકાવાના હતા.

ઠાકોરે તેમને પત્ર લખ્યો કે પૅરિસમાં હીરામોતીના હાર સરસ મળે છે. અમારા માટે એક હાર ખરીદતા આવજો.

માનાજીએ એક હાર ખરીદી લીધો. જુદા જુદા દેશો ફરીને પાછા આવ્યા. ઠાકોરને કાગળ લખ્યો. ઠાકોરને કાગળ મળ્યો. કાગળ વાંચ્યો.

માનાજી પવારે લખ્યું હતું : “અમે વહાણમાં મુંબઈ ઊતર્યા અને ત્યાંથી ઘરે આવી ગયા છીએ. તાબડતોબ આવો. તમારી વસ્તુ લઈ જાઓ.”

ઠાકોર કામમાં પડ્યા હતા. તેમનાં બહેનની દીકરી પરણવાની હતી. ત્યાં જવા તૈયાર થતા હતા. તેથી પોતે વડોદરા જઈ શકે એમ નહોતું. ઠાકોરે તરત જ મિયાં ફુસકીને બોલાવ્યા.

ઠાકોર કહે : “તમે તાબડતોબ વડોદરા જાઓ. માનાજી પવારસાહેબ જે આપે એ લેતા આવો. કોઈ જાણે નહીં. વાત તદ્દન છાની રાખજો.”

મિયાં ફુસકી મૂંડો ખંજવાળવા લાગ્યા.

ઠાકોર કહે : “કાં?”


મિયાં બોલ્યા : “પણ તભા ભટ બહારગામ ગયા છે ને?”

ઠાકોર કહે : “ભલે ને ગયા. તભા ભટ હોય તો જ જવાય? એકલા ડરો છો કોઈથી?”

મિયાં ફુસકી બોલ્યા : “ડરે એ બીજા. હા, અમે સિપાઈબચ્ચા! ડરવાની વાતો અમે ના જાણીએ, પણ તભા ભટ સાથે હોય તો જરા મજા પડે.”

તભા ભટ બે-ચાર દિવસ પછી આવવાના હતા. ત્યાં સુધી રાહ જોવાય એમ નહોતું. મિયાં ફુસકીને એકલા વડોદરા જવું પડ્યું. ઠાકોરે ટપાલમાં કાગળ લખી દીધો કે મિયાં ફુસકી આવે છે. તેમને હાર આપી દેજો.

પવારસાહેબ મોટા માણસ હતા. તેમનો હવેલીનો મોટો બંગલો હતો. બંગલાને મોટો દરવાજો. દરવાજામાં પેસીએ કે આંગણું આવે. આ આંગણામાં બગીચો. બગીચામાં ભાતભાતનાં ફૂલ. પવારને ફૂલઝાડનો મોટો શોખ હતો. સરસ રીતે ફૂલછોડ રોપ્યા હતા.



મિયાં ફુસકી દરવાજામાં ઘૂસ્યા કે ઊભા રહી ગયા. ગુલાબનાં સુંદર ફૂલ જોઈને પ્રસન્ન થઈ ગયા. છોડ પાસે ગયા. ત્યાં બોલ સંભળાયો : “ખડે રહો.”

મિયાં ફુસકી એકદમ અટકી ગયા અને પાછળ જોયું. ચોકીદાર દેખાયો.

મિયાં ફુસકી બોલ્યા : “કોણ છો તમે?”

ચોકીદાર કહે : “બંગલાના ચોકીદાર.”

મિયાં ફુસકી કહે : “અક્કલ છે?”

ચોકીદાર કહે : “હેં....?”

મિયાં ફુસકી બોલ્યા : “હેં શું કહો છો?”

ચોકીદારે કહ્યું : “પહેલાં તો દરવાજાની બહાર નીકળી જાઓ. નહીં તો અક્કલની પડીકી ખાવી પડશે.”

મિયાં ફુસકી આંખો તાણીને ચોકીદાર સામે જોઈ રહ્યા. પછી બોલ્યા : “ફરીને ઉત્તર આપો કે અક્કલ છે?”

ચોકીદારે કહ્યું : “હા.”

મિયાં બોલ્યા : “શું હા. અક્કલ હોય તો ઓળખો.”


ચોકીદાર કહે : “અમે તમને ના ઓળખ્યા. ચાલો, પછી?”

ખી ખી ખી જરા હસી પડ્યા અને મિયાં ફુસકી બોલ્યા : “ના ઓળખો તો જરા નવાઈથી અમારી સામે જોઈ રહો.”

ચોકીદાર બોલ્યો : “પછી?”

મિયાં ફુસકી કહે : “પછી પૂછો કે કોણ તમે?”

મિયાં ફુસકીનો ઠાઠ અને વાતો સાંભળીને ચોકીદાર જરા મોજમાં આવી ગયો. ગમ્મત કરવા તેણે કહ્યું : “પછી?”



મિયાં ફુસકી બોલ્યા : "ઊં હું હું હું...! એટલીયે સમજણ નથી કે પછી અમે ઉત્તર આપીશું કે અમે મિયાં ફુસકી."

ચોકીદાર હસી પડ્યો અને બોલ્યો : "ફુસકી વળી કેવી?"

મિયાં ફુસકી ચિડાઈ ગયા અને રીસથી બોલ્યા : "બકબકાટ બંધ કરો."

ચોકીદારે કહ્યું : "હા, પછી?"

મિયાં ફુસકી બોલ્યા : "પછી એમ કે આપનામાં અક્કલ-બક્કલ કાંઈ નથી તેથી ચોકીદાર છો. અમારું નામ સાંભળતાંની સાથે માથું નમાવો પછી એ આવે."

ચોકીદાર કહે : "પછી?"

મિયાં ફુસકી કહે : "પછી સલામ ભરો."

ચોકીદાર કહે : "પછી?"

મિયાં બોલ્યા : "પછી પૂછો કે આપને કોનું કામ છે?"

ચોકીદાર કહે : "પછી?"



મિયાં બોલ્યા : "પછી અમે કહીશું કે માનાજીરાવ પવારનું."

ચોકીદાર કહે : "પછી?"

મિયાં કહે : "પછી પાછા ઝૂકી જાઓ અને કહો કે ચાલો મિયાંસાહેબ પધારો."

ચોકીદાર કહે : "પછી?"

મિયાં ફુસકી ચિડાઈ ગયા.

રીસથી બોલ્યા : "પછી પછીની જ એક વારતા આવડે છે? પછી ચાલવા માંડો આગળ અને કહો કે જી સરકાર, આપ પાછળ પાછળ પધારો."